ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# આજે દિવડાઓના દિવ્ય પ્રકાશથી નગર તેજોમય બનશે

ગાંધીનગર તા ૬

આજે દિવાળી ...નવા વર્ષની શરૂઆત પુર્વે રાત્રિના અંધારાને ઉલેચતા દિવડાઓની હારમાળા વચ્ચે નગરમાં દિવ્ય ઉજાસ પથરાશે. આકાશને રંગીન બનાવતા અવનવા ફટાકડાથી નભનો નઝારો પણ બદલાશે. અંધારામાંથી ઉજાસ તરફ લઈ જતા આ પર્વની ઉજવણીને અનુલક્ષી નગરજનો ઉત્સુક બન્યા છે. સૌથી મોટા દિવાળી પર્વના આગમનના લીધે નગરના જનજીવનમાં પણ અનોખુ ચેતન જોવા મળી રહ્યુ છે. નગરના મંદિરોમાં પણ દિવાળીના પર્વને અનુલક્ષી દિવડાઓનો દિવ્ય શણગાર અને રંગોળી સુશોભન જોવા મળશે.

દિપાવલી પર્વ અંધકારમાંથી ઉજાસ તરફ લઈ જતા આ પર્વની ઉજવણીને અનુલક્ષી નગરમાં અનોખુ ચેતન પુરાયેલુ જોવા મળે છે. બહારની દુનિયાની સાથે અંતર મનમાં ઉજાસ પાથરતા દિવાળીના આ પર્વના ઓવારણા લેવા નગરજનો ઉત્સુક બન્યા છે. શહેરના સેકટરોની શેરીઓ તેમજ પ્રત્યેક ઘરમાં દિવડાઓની હારમાળા અને રંગબેરંગી રોશની જોવા મળશે. સેકટરવાસીઓ આતંશબાજી કરી દિવાળીના પર્વના વધામણા કરશે. દિવાળી તહેવારોના રાજા તરીકે ઓળખાય છે. જયારે દિવાળીના આ પર્વ દરમિયાન બધુ નવુ ખરીદવાનુ, પહેરવાનુ તેમજ નવુ કરવાનો અનોખો ઉત્સાહ જોવા મળે છે. દિવાળીના બીજા દિવસે નુતન વર્ષાભિનંદનનો પ્રારંભ થતો હોવાથી આ દિવસો પણ નગરજનો એકબીજાની ભુલોને માફ કરીને દિલ સાફ કરી નવા વિચારો સાથે નવા વર્ષની શરૂઆત કરવાનો અભિગમ અપનાવે છે. દિવાળીના આ પર્વ દરમિયાન મીઠાઈ , ફટાકડા , કપડા ઘર સુશોભનની ચીજવસ્તુઓની પણ વિશેષ ખરીદી થતી હોવાથી શોપિંગ બજારમાં પણ અનોખો ધમધમાટ જોવા મળી રહ્યો છે. દિવાળીના પર્વને અનુલક્ષી નગરના મંદિરોમાં પણ વિશેષ પુજા આરતી તેમજ દિવડાઓની હારમાળાનુ સુસોભન કરવા માટે આયોજન કરી દેવાયુ છે. સામાજિત જનજીવનમાંથી પણ અંધકાર દુર થાય અને સમાજ દુષણોથી મુક્ત થઈને આ પર્વને વધુ તેજોમય બનાવે તેવી ભાવના સાથે દિવ્ય દિવડાઓ પ્રજવલિત કરવામાં આવે છે. નગરજનો પણ એકમેકને હેપ્પી દિવાલીની શુભેચ્છા પાઠવી મોં મીંઠુ કરે છે. દિવાળીના પર્વને આવકારવા માટે નગરજનો ઉત્સુક બન્યા છે.



## અક્ષરધામ મંદિર પરિસરમાં ૧૦ હજાર દિવડાઓનો ઉજાસ પથરશે

શહેરના અક્ષરધામ મંદિરમાં દિવાળીના પર્વ દરમિયાન દિવડાઓની રોશનીનો અનોખો નઝારો જોવા મળશે.દિવાળીથી પાંચમ સુધી ૧૦ હજાર દિવડાઓની રોશનીથી શણગારવામાં આવશે. દિવડાઓની રોશની સાંજે ૬ થી ૮ કલાક દરમિયાન જગમગતી જોવા મળશે. દિવાળીના પર્વ દરમિયાન હજારો ભાવિકો અક્ષરધામની મુલાકાત લેતા હોય છે.જયારે આ દિવાળીના પર્વમાં દિવડાઓની દિવ્ય રોશનીથી મંદિર પરિસરમાં અનોખો ઉજાસ પથરાયેલો જોવા મળશે. જયારે દિવાળીના પર્વ દરમિયાન દર્શનાર્થીઓની ભીડને ધ્યાને લઈને એસ ટી તંત્ર દ્વારા પણ ખાસ બસ સેવા પુરી પાડવામાં આવે છે. ત્યારે સતત ૬ દિવસ સુધી ભગવાનના દર્શન સાથે આ દિવ્ય પ્રકાશનો નઝારો નિહાળવા માટે પણ ભાવિકોની ભીડ ઉમટશે.

# જિલ્લામાં ધીમી ગતિએ રવિ સીઝનની વાવણી આરંભાઈ

## હવામાનની પ્રતિકૂળતા અને ઓછા વરસાદને કારણે ખેડૂતો વાવણી માટે ઓછા ઉત્સાહી

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં ધીમી ગતિએ ઠંડીનો આરંભ થતાં ખેડૂતોએ પણ તેમની રવિસીઝનની વાવણીનો ધીમી ગતિએ આરંભ કર્યો છે.

જિલ્લામાં રવિસીઝનની વાવણીનો આરંભ દેવ દિવાળી પછી વેગ પકડશે તેમ મનાઈ રહ્યુ છે. જોકે હવામાન હાલ રવિ સીઝનની વાવણી માટે પ્રતિકૂળ હોવાનું ખેડૂતો માની રહ્યા છે. દિવસે ગરમીનો પારો ઉંચો રહેતો હોવાથી ખેડૂતો આ વખતે વાવણી માટે ઉતાવળમાં નથી. રવિસીઝનની વાવણી અગાઉના વર્ષો કરતાં ઓછી થવાની સંભાવનાઓ પણ ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે. ચોમાસામાં વરસાદની ઘટને લઈ ખેડૂતો રવિસીઝનની વાવણી માટે ઉતાવળમાં નહિ હોવાનું પણ ખેડૂત આગેવાનો સાથેની વાતચીતમાં જાણવા મળ્યું છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં રવિસીઝનની વાવણીનો ધીમીગતિએ આરંભ થયો છે. જોકે આ સીઝનમાં પણ રજકો ઘાસચારાનું વાવેતર ખેડૂતોએ શરૂ કર્યુ છે.

બિનસત્તાવાર સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ જિલ્લામાં ૫૬૦ હેક્ટર વિસ્તારમાં આજ સુધીમાં વાવેતર થયુ છે. જેમાં ફેર રોપણીના પાક વરિયાળી તેમજ ઘાસચારાનું વાવેતર નોંધાયું છે.

આ વખતે રવિસીઝનમાં ઘઉંના વાવેતર વિસ્તારમાં ઘટાડો થવાની સંભાવના સાથે બટાટાની ખેતી પણ મોડી થશે તેમ ખેડૂત આગેવાનો સાથેની વાતચીતમાં જાણવા મળ્યુ છે. રવિસીઝનની વાવણી વિલંબથી થવાની શક્યતાઓ વધુ છે.



## કાળીચૌદશે મહુડી ખાતે ઘંટાકર્ણ મહાવીર દેવનો ચમત્કારિક હોમ

ગાંધીનગર નજીકના મહુડી ખાતેનું ઘંટાકર્ણ મહાવીર સ્વામીનું તિર્થસ્થાન સુપ્રસિદ્ધ તિર્થસ્થાન હોવાની સાથે લાખો શ્રદ્ધાળુઓની આસ્થાનું કેન્દ્ર છે. આધિ-વ્યાધિ અને ઉપાધિથી બચાવતા ભગવાન ઘંટાકર્ણ મહાવીર દેવની સ્થાપનાને એક સદી પૂર્ણ થઈ છે. આ તિર્થસ્થાનની સ્થાપના સો વર્ષ પૂર્વે શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજે કરાવી હતી. જેનો હેતુ ગ્રામીણ જનતાને અંધશ્રદ્ધા-વહેમ અને લેભાગુ તત્વોથી બચાવવાનો હતો. ‘‘કાળી ચૌદશે’’ ઘંટાકર્ણ મહાવીર ભગવાનનો હોમ આ તિર્થની સ્થાપનાથી ચાલી આવતી પરંપરા છે જેમાં ૧૦૮ ડંકા સાથે દોરો બાંધવાનું વિધાન છે. જે આવનારા વર્ષ દરમ્યાન શ્રદ્ધાળુને આધિ-વ્યાધિ-ઉપાધિથી રક્ષણ કરે છે. આ દિવસે ૧૧થી ૪ દરમ્યાન હોમનું પ્રાગટ્ય થાય છે. ત્યારે એવું કહેવાય છે કે પંખીઓ પણ તેમનો કલરવ બંધ કરી શાંતિનું વાતાવરણ સર્જે છે. એવી માન્યતા છે કે આ સમયે ગુરૂદેવની સાક્ષાત હાજરી હોય છે. આ દિવસે હોમનો ચઢાવો ૨ કરોડ ઉપર પહોંચે છે અને એક લાખ જેટલા શ્રદ્ધાળુઓ હોમમાં બેસે છે. કાળી ચૌદશે મહુડીતિર્થ ખાતે એક દિવ્ય અને અલૌકિક વાતાવરણ સર્જાય છે.

# રજાના દિવસોમાં અર્બન હેલ્થ સેન્ટરો ચાલુ રહેશે

ગાંધીનગર મહાનગર પાલિકાના ઈન્ચાર્જ કમિશ્નર વ જિલ્લા કલેક્ટર એસ.કે. લાંગાએ રજાના દિવસોમાં પણ આરોગ્ય સેવાઓ અર્બન હેલ્થ સેન્ટરોમાં ઉપલબ્ધ બની રહે તે જોવા જણાવ્યું છે.

મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ ડૉ. ગોસ્વામીના જણાવ્યાનુસાર રવિવાર, ગુરૂવાર, સિવાયના દિવસો દરમ્યાન ચારેય અર્બન હેલ્થ સેન્ટરોમાં સવારની ઓ.પી.ડી. સેવાઓ ચાલુ રાખવામાં આવશે. આ ઉપરાંત આવશ્યક સંજોગોમાં પણ તબીબી સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

સર્વેનગરજનોના જીવનમાં વિક્રમ સંવત - ૨૦૭૪ સુખ, શાંતિ, સમૃદ્ધિ અર્પે તેવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના સહ...
દિપાવલીની હાર્દિક શુભકામના
તથા નૂતન વર્ષાભિનંદન



વિરમગામવાળા
મહેન્દ્રકાકા સોડાવાળા
ધ-૨ કોર્નર, સેક્ટર-૨/સી, ગાંધીનગર
મો. : ૯૬૩૮૬૯૩૫૮૧
દેવ દિવાળીએ ૫૦૦૦ નગરજનોને સોડા ફ્રી પીવડાવવામાં આવશે.
શાખા : સરગાસણ ચાર રસ્તા, લાલસોટ પાન પાર્લર પાસે




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com